| GJAN010017692026 | દાખલ તારીખ | | ૨૨/૦૫/૨૦૨૬ | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | | ૨૨/૦૫/૨૦૨૬ | |
| | નિકાલ તારીખ | | ૧૫/૦૬/૨૦૨૬ | |
| | સમયગાળો | વર્ષ | મહીના | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૨૪ |

सत्यमेव जयते

**આણંદના મે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.**

**ક્રિ.પ.અ.નં. ૫૮૪/૨૦૨૬**

**આંકઃ**

**યુવરાજસિંહ ઉર્ફે યુવી ચંદુભાઈ બારૈયા**

ઉ.વ. ૨૩ ધંધો–નોકરી

રહે. અગાસ, કાશીપુરા કોલોની, તા. પેટલાદ, જી. આણંદ **:: અરજદાર**

વિરુધ્ધ

શ્રી ગુજરાત રાજ્ય,

થ્રુઃ જીલ્લા સરકારી વકીલશ્રી,

**આણંદ** **:: સામાવાળા**

**બી.એન.એસ.એસ. ની કલમ ૪૯૭ મુજબ મુદ્ધામાલ પરત મેળવવાની અરજી**

----------------------------------------

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એસ. ઝેડ. કટારા**

**સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. ગઢવી**

----------------------------------------

**:: ચુકાદો ::**

**૧.** આ કામના અરજદાર/આરોપીની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબર ૧૧૨૧૫૦૦૭૨૬૦૦૬૪/૨૦૨૬ ના કામે બી.એન.એસ. ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ ૦૬ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને તે કામે આરોપીની ધરપકડ કરવામાં આવેલ અને પોલીસે બજાજ કંપનીનું બાઈક રજીસ્ટ્રેશન નંબર જી.જે.૨૩ ઈ.ડી. ૮૪૭૭ આરોપી પાસેથી કબજે કરેલ છે તે બાઈક તેમની માલિકીની હોય તે પરત મેળવવા અરજદારે હાલની અરજી રજુ કરેલ છે તથા અરજદાર/આરોપી પાસેથી રીયલમી કપંનીનો મોબાઈલ કબજે કરેલ તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

**૨.** અરજદારે અરજી દાખલ કરતા સામાવાળા શ્રી સરકારને નોટીસ કરતા સરકાર તર્ફે વિ.એ.પી.પી. શ્રી જે. એસ. ગઢવી હાજર થયેલ છે. તેમજ તપાસ કરનાર અધિકારી દ્વારા મુદ્દામાલનો અભિપ્રાય રજુ થયેલ છે.

**૩.** ઉપરોક્ત હકીકતે અરજદાર દ્વારા હાલની મુદ્દામાલ અરજીમાં મુદ્દામાલ બાઈક તથા મુદ્દામાલ મોબાઈલ વચગાળાના કબજામાં પરત મેળવવા દાદ માંગવામાં આવેલ છે. આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા જણાય છે કે, તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, અરજદાર/આરોપી પાસેથી મોબાઈલ ફોન મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલ નથી અને તેઓએ મુદ્દામાલ પાવતીની નકલ આ કામે તેઓના અભિપ્રાય સાથે જોડેલ છે. વધુમાં અરજદાર/આરોપીના વિદ્વાન વકિલશ્રી દ્વારા પણ આંક-૦૬ થી પુરસીસ રજુ કરવામાં આવેલ છે અને તે પુરસીસમાં તેઓ મોબાઈલ ફોનની માંગણી આ અરજીના કામે કરતા ન હોય તેવુ જાહેર કરેલ છે. જેથી હાલની આ મુદ્દામાલ અરજી મુદ્દામાલ બાઈકની માંગણી પુરતી જ રહેલી છે.

**૪.** આ કામે અરજદાર/આરોપીની મુદ્દામાલ મેળવવાની અરજી ધ્યાને લેવામાં આવે તો મુદ્દામાલ પરત મેળવવાની BAJAJ AUTO LTD PULSAR NS 125 જે બાઈકનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. જી.જે.૨૩ ઈ.ડી. ૮૪૭૭ જેનો ચેસીસ નં. MD2B72BX5RCG52499 તથા એન્જીન નં. JEXCRG69043 તે મુદ્દામાલ તરીકે

પોલીસ કબજે લીધેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર સદર મુદ્દામાલ બાઈકના એક માત્ર માલિક અને કબજે ભોગવટેદાર છે અને આ બાઈક ગુન્હો બન્યો તે અગાઉ પણ તેઓની માલિકીનું હતુ અને તેમ છતાં ખોટી રીતે પોલીસે સદર બાઈક કબજે કરેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ મુદ્દામાલ બાઈક બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં વધારે સમયથી પડી રહેલ છે અને બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ સાચવવાની અલાયદી વ્યવસ્થા નથી જેથી સદર મુદ્દામાલ બાઈક બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં પડ્યું રહે છે અને જો વધારે સમય ખુલ્લામાં પડ્યુ રહે તો કટાઈ જવાનો કે બગડી જવાની સંભાવના રહેલ છે અને તેથી અરજદારને ખુબ જ મોટું આર્થિક નુકસાન થાય તેમ છે. તેમજ સદર ગુન્હાના કામે જ્યારે પણ કોર્ટમાં રજુ કરવાની જરૂર પડશે ત્યારે અરજદાર રજુ કરશે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના તપાસ કરનાર અધિકારીએ ગુન્હાની તપાસ પુર્ણ કરી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દીધેલ છે જેનો પોક્સો કેસ નં. ૧૨/૨૦૨૬ થી રજુ થયેલ છે. તેમજ આ કામના અરજદાર/આરોપી તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે. તેઓએ અંતમાં રજુઆત કરેલ છે કે આ તમામ સંજોગોને ધ્યાને રાખી અરજદારને સદર મુદ્દામાલ બાઈક વચગાળાના કબજામાં પરત સોપવા હુકમ કરવો જોઈએ.

**૫.** અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી એસ.ઝેડ.કટારાએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબર ૧૧૨૧૫૦૦૭૨૬૦૦૬૪/૨૦૨૬ ના કામે બી.એન.એસ. ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ ૦૬ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને આ કામે અરજદાર/આરોપી યુવરાજસિંહ ઉર્ફે યુવી ચંદુભાઈ બારૈયા નાઓ પાસેથી બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં મુદ્દામાલ તરીકે BAJAJ AUTO LTD PULSAR NS 125 જે બાઈકનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. જી.જે.૨૩ ઈ.ડી. ૮૪૭૭ જેનો ચેસીસ નં. MD2B72BX5RCG52499 તથા એન્જીન નં. JEXCRG69043 છે તે મુદ્દામાલ તરીકે પોલીસે કબજે લીધેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ ગુન્હાના કામે બાઈક પોલીસે કબજે કરેલ છે અને ત્યારથી સદરહું બાઈક પોલીસની કસ્ટડીમાં હોય જેથી મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામ. કોર્ટ સમક્ષ દાખલ કરવાની જરૂર પડેલ છે. સદર બાઈકના એકમાત્ર કાયદેસરના માલીક આ કામના અરજદાર છે અને સદર બાઈક બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં પડ્યુ રહે છે અને જો વધારે સમય

ખુલ્લામાં પડ્યુ રહે તો તેના ટાયર ટ્યુબને નુકસાન થાય તેમ છે. તેમજ સદર ગુન્હાના કામે જ્યારે પણ કોર્ટમાં રજુ કરવાની જરૂર પડશે ત્યારે અરજદાર રજુ કરશે અને તપાસ કરનાર અમલદારને તપાસના કામે જરૂર પડશે તો અરજદાર તપાસ કરનાર સમક્ષ સદર બાઈક રજુ કરશે. તેઓએ અંતમાં રજુઆત કરેલ છે કે આ તમામ સંજોગોને ધ્યાને રાખી અરજદાર/આરોપીને સદર મુદ્દામાલ બાઈક વચગાળાના કબજામાં પરત સોંપવા હુકમ કરવો જોઈએ.

**૬.** વિ.એ.પી.પી.શ્રી જે. એસ. ગઢવીએ રજુઆત કરેલ છે કે, આરોપી વિરુદ્ધ બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નંબર ૧૧૨૧૫૦૦૭૨૬૦૦૬૪/૨૦૨૬ ના કામે બી.એન.એસ. ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ ૦૬ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને આરોપીએ આ ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ બાઈક BAJAJ AUTO LTD PULSAR NS 125 જે બાઈકનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. જી.જે.૨૩ ઈ.ડી. ૮૪૭૭ જેનો ચેસીસ નં. MD2B72BX5RCG52499 તથા એન્જીન નં. JEXCRG69043 કબજે લીધેલ છે. સદર બાઈક તપાસ દરમ્યાન અરજદારે પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ છે જે બાઈકને તપાસ અર્થે પંચનામાની વિગતે કબ્જે લીધેલ છે જે હાલ પોલીસ સ્ટેશનની અનામતમાં રાખેલ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, મુદ્દામાલ બાઈક અરજદારને પરત આપવામાં આવે તો તેઓ સદર બાઈક વેચી દે તથા નાશ કરી દઈ પુરાવા સાથે ચેડા કરે કરાવે તેવી સંભાવના રહેલ છે જેથી સદર મુદ્દામાલ બાઈક અરજદારને પરત સોંપવો જોઈએ નહી અને હાલની અરજી નામંજુર કરવી જોઈએ.

**૭.** તપાસ કરનાર અધિકારીએ આંક-૦૫ થી તેમનો અભિપ્રાય રજુ રાખેલ છે, જેની વિગતે જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોક્સો એક્ટ જેવા અતિ ગંભીર ગુન્હાના કામે સગીર કિશોરીનુ અપહરણ કરી આ મુદ્દામાલ બાઈકનો ઉપયોગ કરેલ છે અને સદર ગુન્હાની તપાસના કામે સદર બાઈક કબજે કરેલ છે અને જો આ કામના અરજદારને મુદ્દામાલ બાઈક પરત આપવામાં આવે તો આ જ પ્રકારના ગંભીર ગુન્હો કરે કરાવે તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેથી આ અગત્યનો પુરાવો હોય મુદ્દામાલ મોટર સાયકલ પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે.

૮. ઉપરોક્ત મુજબની અરજીની હકીકતો તથા ઉભય પક્ષકારોની મૌખિક રજુઆતો તથા રેકર્ડ ધ્યાને લેતા ફલિત થાય છે કે, હાલના અરજદાર મુદ્દામાલ બાઈકના કાયદેસરના માલિક છે. આ અદાલત સમક્ષ આ મુદ્દામાલ બાઈકના અન્ય કોઈ માંગણીદાર આવેલ નથી. આ કામે અરજદારે અરજી સાથે બાઈકની આર.સી. બુકની નકલ રજુ કરેલ છે તે જોતાં મુદ્દામાલ બાઈક અરજદારની માલિકીનું હોવાનું જણાય આવે છે. તેમજ આ મુદ્દામાલ મીકેનીકલ સ્વરૂપનુ સાધન હોય તેમજ અરજદારના રોજબરોજના ઉપયોગ અને વપરાશનુ વાહન હોય તેથી તેમજ જો આ મુદ્દામાલ બાઈક વધુ સમય માટે બીનઉપયોગી સ્થિતિમાં પડી રહે તો તેના એન્જીન તથા અન્ય સ્પેર પાર્ટસ અને ટાયરને નુકસાન થાય તેમ છે. ઉપરાંતમાં રજુઆતો તથા તપાસ કરનાર અધિકારીના અભિપ્રાયના આધારે આ ગુન્હાની સંપુર્ણ તપાસ પુર્ણ થઈ ગયેલ હોવાનું અને તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ પણ રજુ કરી દીધેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. તેથી આ મુદ્દામાલ બાઈક વિશેષ કોઈ તપાસના કામે આવશ્યક હોવાનુ જણાતુ નથી. આ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલતના **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના **AIR** 2003 **SC** 638 ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં પ્રતિપાદીત કરવામાં આવેલ સિદ્ધાંત મુજબ પણ હાલનો મુદ્દામાલ બાઈક તેના માલિકને વચગાળાના કબજામાં સોંપી આપવો ન્યાયોચિત જણાય છે. આ સંજોગો અને હકીકતોને આધીન તથા ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

**૧.** અરજદાર/આરોપીની મુદ્દામાલ પરત મેળવવાની હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર યુવરાજસિંહ ઉર્ફે યુવી ચંદુભાઈ બારૈયા રહે. અગાસ, કાશીપુરા કોલોની, તા. પેટલાદ નાઓને મુદ્દામાલ BAJAJ AUTO LTD PULSAR NS 125 જે બાઈકનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. જી.જે.૨૩ ઈ.ડી. ૮૪૭૭ જેનો ચેસીસ નં. MD2B72BX5RCG52499 તથા એન્જીન નં. JEXCRG69043 છે તે બાઈક પરત મેળવવા માટેની અરજી નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે અને અરજદારની અરજીમાં માંગણી કર્યા મુજબનો મોબાઈલ ફોન આ કામે મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલ ન હોય તે અંગે કોઈ જ હુકમ કરવામાં આવેલ નથી.

**-: શરતો :-**

**૧.** તપાસ કરનાર અધિકારીએ મુદ્દામાલ બાઈકના તમામ બાજુના ફોટા પાડીને ગુન્હાના કામે રજુ કરવા.

**૨.** અરજદારે મુદ્દામાલ બાઈક કેસ ચાલતા દરમ્યાન અન્ય વ્યક્તિને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે તબદીલ કરવુ નહી.

**૩.** અરજદારે મુદ્દામાલ બાઈકની ઓળખમાં કોઈ ફેરફાર કરવો નહી કે તેમા ફેરફાર થાય તેવા પ્રયત્નો કરવા નહી અને તેને યથાવત સ્થિતિમાં જાળવી રાખવું.

**૪.** અરજદારે સદર બાઈકની પંચનામાની કિમંતથી દોઢી રકમના જામીન તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરવા.

**૫.** અરજદારે મુદ્દામાલ બાઈક અદાલત જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનુ રહેશે.

**૬.** અરજદારે મુદ્દામાલ બાઈક કોઈ ગુન્હાહિત પ્રવૃતિમાં વાપરવુ નહી કે અન્યને વાપરવા દેવુ નહી.

હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

સદર હુકમ આજરોજ તારીખ ૧૫ માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૬/૨૦૨૬
આણંદ

(**એસ.આઈ.ભોરણીયા**)
એડીશ્નલ સેશન્સ અને સ્પે.પોક્સો જજ,
આણંદ.
(**જી.જે. ૦૦૬૦૬** )